Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

CIMS NEWS

# CARE & CURE

Price : ₹ 5/-

Volume-15 | Issue-173 | December 25, 2024



CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-173 | December 25, 2024

Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

# રોટેબ્લેટર, ફ્રેક્શનલ ફ્લો રિઝર્વ (FFR), અને આઈવીયુએસ (IVUS)



**ડૉ. કેયૂર પરીખ**

MD (USA), FCSI (India)
FACC (USA), FSCAI (USA)
Interventional Cardiologist
+91 98250 26999
keyur.parikh@cims.org

## રોટાબ્લેટર

સીમ્સ કાડિયોલોજીને ૧૯૯૦થી રોટાબ્લેટરના સંકેડો કેસો, રોટાબ્લેટરનો ઉપયોગ કરવાનો સૌથી વધારે અનુભવ છે.

નીચેના સંજોગોમાં રોટાબ્લેટરનો ઉપયોગ થાય છે

- જ્યારે પ્લાકને માત્ર પી.ટી.સી.એ. દ્વારા આર્ટરી વોલની સામે ફૂલાવવાનું કે મોટી કરવાનું અત્યંત મુશ્કેલ જણાતું હોય.
- જ્યારે પ્લાકમાં મોટી માત્રામાં કેલ્શિયમ હોય અને તે સરળતાથી ખસી શકે તેમ ના હોય.
- પ્લાક અતિશય લાંબી હોય અથવા જ્યાંથી આર્ટરી શરૂ થતી હોય ત્યાંથી શરૂ થતી હોય.
- આર્ટરીમાં ઘણી બધી પ્લાક હોય, કે જેને અન્ય પ્રક્રિયા કરતાં પૂર્વે દૂર કરવી જરૂરી હોય.
- આર્ટરી અન્ય પ્રક્રિયાઓ માટે નાની જણાતી હોય.
- અગાઉ પી.ટી.સી.એ. અથવા સ્ટેન્ટ મૂકવામાં આવ્યા હોય અને તેનો કાપો કે ચીરો બંધ કરી દેવામાં આવ્યા હોય,

ચેટાબ્લેટર એક એબેઝીવ, હીરાજડીત બર સાથેનું નાનકડું ડ્રીલ છે. રોટાબ્લેટરનો ઉપયોગ, રોટેશનલ એથેરેક્ટોમી નામની કેથેટર આધારિત એક પ્રારની પ્રક્રિયામાં થાય છે. રોટેશનલ એથેરેક્ટોની એક પ્રકારની લઘુત્તમ વાઢકાપવાળી (મિનિમલી ઇન્વેઝીવ) સારવાર છે કે જેનો ક્યારેક, કોરોનરી આર્ટરીની અંદર જ કઠણ થઇ ગયેલી પ્લાકને ભાંગવા માટે ઉપયોગ થાય છે.

રોટેશનલ એથેરેકટોમી (રચેટાબ્લેશન), જટિલ એવા કોરોનરી આર્ટરી સ્ટેનોસીસની સારવાર કરવા માટેનું એક વૈકલ્પિક સાધન છે. આર્ટિરિયલ સ્ટ્રેચિંગની જેમ લ્યુમિનલ ડાયામીટર ખેંચવાને બદલે અને બલૂન એન્જિયોપ્લાસ્ટી વડે પ્લાક તોડવાને બદલે રોટાબ્લેશન એથેરોસ્કલેરોટિક પ્લાકને વિખેરી નાખે છે. તેનો મૂળભૂત ભૌતિક સિધ્ધાંત ડિફરન્શયલ કટિંગનો છે.

રોટાબ્લેટર કેથેટર વડે એક ગાઇડવાયર દ્વારા બાંધેલું હોય છે, કે જેનો બ્લોકેજની જગ્યાએ ડાય ઇન્જેક્ટ કરવા માટે થાય છે. રોટાબ્લેટરનો ઉપરનો ભાગ હીરાના અત્યંત નાના ટુકડાથી કોટ કરવામાં આવે છે. પ્લાકની સામે તેની ટીપ અથવા ટોપકાંને અત્યંત ઝડપથી ફરી શકે તે માટે હવાના દબાણનો ઉપયોગ કરવામાં આવે છે. આ ટોપકાને ૧૯૦૦૦ RPM સુધી ફેરવવા માટે વીજળીના ટૂંકા વેગીલા પ્રવાહનો ઉપયોગ કરવામાં આવે છે. તેના પરિણામે પ્લાક પીસાઈ જશે અથવા ભાંગી જશે અને તેના નાના-નાના ટુકડા થઈ જશે. ચેટાબ્લેટર દ્વારા થતા પ્લાકના ટુકડા પૈકીના ૯૬ ટકા કણો ૫ માઇક્રોન્સથી પણ નાના હોય છે. આઈ.વી. લઇડ દ્વારા આ રજકણોને નીચે ધકેલવામાં આવે છે અને તે શરીરના કુદરતી ઉત્સર્જન દ્વારા સાફ થઇ જાય છે. ડાયમંડ ક્રિસલ (નાનકડો હીરો) માત્ર પ્લાકને જ પીસશે, કારણ કે તે આર્ટરીના લવચિક કોષો કરતાં વધારે સખત અને કઠણ છે.

## ફ્રેક્શનલ ફ્લો રિઝર્વ (FFR)

- માયોકાર્ડિયલ FFR, એ હૃદયની સંકુચિત ધમનીઓની કામગીરી દર્શાવતો આંક છે. FFR થી ઇન્ટર મિડિયેટ મધ્યમ બ્લોકેજીસ ઉપર એન્જિયોપ્લાસ્ટી અથવા સ્ટેન્ટિંગ કરવું કે નહીં તે નક્કી કરી શકાય છે.
- FFR એક ગાઈડ વાયર આધારિત પ્રક્રિયા છે કે જે કોરોનરી આર્ટરી (હૃદયની ધમની)ના એક ચોક્કસ ભાગના લોહીના પ્રવાહ અને લોહીના દબાણને માપે છે. FFR, કોરોનરી એન્જિયોગ્રામ વખતે એક સ્ટાન્ડર્ડ ડાયોગિનિસ્ટિક કેથેટર વડે કરવામાં આવે છે.
- FFR, મલ્ટિવેસલ ડિસીઝની સ્થિતિમાં કલ્પિટ લેઝનને શોધી કાઢે છે.

**FFR પ્રક્રિયા** : ટ્રાન્સ-સ્ટેનોટિક પ્રેશર નોંધવા માટે અને મહત્તમ હાયપરેમિક સ્ટિમ્યુલસ આપવા માટે ૦.૦૧૪ નો પ્રેસર ગાઇડવાઇર સ્ટેનોસીસમાં પસાર કરવામાં આવે છે.

**FFR ના ફાયદા**

FFR, એપિકાડિયેલ સ્ટેનોસીસ માટે એક ચોક્કસ ઈન્ડેક્સ (સૂચકાંક) છે અને તેથી તે, રિવાસ્ક્યુલરાઇઝેશન દ્વારા દર્દીને કેટલે અંશે મદદ મળશે તેનો વધારે સારો નિર્દેશ કરે છે.

FFR હૃદયના ધબકારાની ગતિ, લોહીના દબાણ અને સંકુચનશીલતા (કોન્ટ્રેક્ટીલિટી) પરત્વે તટસ્થ છે.

## આઈવીયુએસ (IVUS)

IVUS અંદરથી આર્ટિરિયલ વોલનો ૩૬૦ ડિગ્રીનું ટોમોગ્રાફિક દ્રશ્ય (ચિત્ર) રજૂ કરે છે અને એન્જિયોગ્રાફી વડે શક્ય હોય તેના કરતાં વધારે સંપૂર્ણ અને ચોક્કસ તપાસ કરવાનું શક્ય બનાવે છે. સીમ્સ ખાતે આર્ટરી વોલની અંદર પ્લાકની માત્રા અને આર્ટરી લ્યુમેનના સંકોચનનું પ્રમાણ, બંને નક્કી કરવા માટે IVUSનો ઉપયોગ થાય

છે. તે જ્યારે એન્જિયોગ્રાફિક-ઇમેજિંગ અવિશ્વસનીય ગણાતું હોય તેવી પરિસ્થિતિમાં વિશેષતઃ ઉપયોગી બને છે.

**IVUS સંકલિત પધ્ધતિના ફાયદા**

- બીજી નવી ટેકનોલોજી માટે એક પ્લેટફોર્મ બની રહે છે.
- તાત્કાલિક ઉપયોગમાં આવી શકે તથા પ્રક્રિયા માટે ઓછો સમય
- રૂમ વચ્ચે બહાર કાઢી ખસેડવાની વ્યવસ્થા
- પ્રક્રિયા રૂમમાં ઓછી જગ્યા રોકે છે
- બીજી નવી ટેકનોલોજી માટે એક પ્લેટફોર્મ બની રહે છે
- કાર્યપધ્ધતિમાં સુધારો

CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-173 | December 25, 2024

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# પગની પીંડીમાં થતા દુઃખાવા અંગે વાસ્ક્યુલર સર્જનની સલાહ



ડૉ. પ્રણવ મોદી

MS, M.Ch. (CVTS)
Cardiovascular, Thoracic
& Thoracoscopic Surgeon,
Thoracic Oncologist &
Lung Transplant Surgeon
+91 99240 84700
pranav.modi@marengoasia.com



પગની નસોમાં લોહી ગંઠાઈ જાય તો પગ કાળો (ગેન્ગ્રીન) પડે અને કપાવવો પડે એવી માન્યતા સામાન્ય રીતે પ્રવર્તતી જોવા મળે છે. જેના કારણે મારી ઓપીડીમાં અવારનાવર પગમાં પીંડીમાં અસહાય દુઃખાવા સાથેની તકલીફવાળા દર્દીઓ જોવામાં આવે છે. ત્રણથી ચાર પ્રશ્નો પૂછ્યા બાદ મોટે ભાગે દર્દીની પીડા પાછળનું કારણ ખબર પડી જાય છે. પગમાં તથા દુઃખાવાના પ્રકાર, એની તીવ્રતા અને સમય પરથી દુઃખાવાના કારણનો અંદાજ મેળવી શકાય છે.




**દુઃખાવાનો પ્રકાર :**

- આખા દિવસના કામ પછી પીંડીમાં થતો દુઃખાવો કળતર સ્વરૂપે હોય તો એ વેરીકોઝ વેઇન્સના કારણે હોઇ શકે.
- ચાલતા ચાલતા પગ જકડાઈ જાય અને થોડીવાર બેસીને આરામ લીધા પછી સારૂ લાગે અને ફરી પાછા ચાલી શકાય તો એ લોહીની ધમનીઓમાં લોહીનું ઓછું પરિભ્રમણ દર્શાવે છે, જે વધારે સીરીયસ હોય તો પગની આંગળીઓમાં બળતરા પણ પેદા કરે છે.
- બંદૂકની ગોળી છૂટતી હોય તેમ દુઃખાવો કમર કે થાપના ભાગેથી શરૂ થઈ સાથળની પાછળ થઈ પગની પીંડીમાં ઝટકા સ્વરૂપે અનુભવાતો હોય તો મણકાની ગાદીનો પ્રોબ્લેમ હોઈ શકે.
- ઘૂંટણની આસપાસ લબકારા મારતો દુઃખાવો 'વા'ને લીધે હોઇ શકે.
- સામાન્ય રીતે જો દુઃખાવો માણસને શાંતિથી રાત્રે સૂવા પણ ન દે એટલો તીવ્ર હોય તો તેનું મૂળભૂત કારણ સીરીયસ હોઇ શકે.
- લોહીની શિરાઓની નબળાઈ (વેરીકોઝ વેઈન્સ) કે ખોરાકમાં વિટામીન્સની ઉણપથી થતા દુઃખાવા હળવાથી મધ્યમ તીવ્રતાના હોય છે, જ્યારે લોહીનું પરિભ્રમણ ઓછું થવાથી થતા દુઃખાવા (Critical limb ischemia)રેસ્ટ પેઇન સ્વરૂપે હોય છે.

**દુઃખાવાનો સમય**

- સાંજના સમયે થતો દુઃખાવો રોજબરોજના થાકથી માંડીને, ખોરાકમાં પૌષ્ટિક તત્વોની ઉણપથી લઈને વેરિકોઝ વેઇન્સના કારણે હોઇ શકે.
- ઘરકામ કરતા કરતા થતો દુઃખાવો મણકાના ઘસારાને લીધે અથવા પગના સાંધાના ઘસારાના કારણે હોઇ શકે.
- રાત્રે સૂતા સૂતા થતો દુઃખાવો પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝના કારણે પણ હોઈ શકે છે.
- જો આ પ્રકારના દુઃખાવાથી દર્દી પરેશાન હોય તો વિભીન્ન પ્રકારના રિપોર્ટ કરાવીને એના કારણની તપાસ તેમજ સારવાર શક્ય છે જેમ કે,

| | | |
|---|---|---|
| વેરીકોઝ વેઇન્સ | : | વીનસ ડોપ્લર |
| પેરીફેરલ વાસ્કયુલર ડિસીઝ | : | આર્ટરીયલ ડોપ્લર, એન્જીયોગ્રાફી |
| મણકાની ગાદીનો પ્રોબ્લેમ | : | એમ.આર.આઈ. |
| ન્યુટ્રીશનલ ડેફીશિયન્સી | : | વીટામીન, ડી-૩નું પ્રમાણ |
| વા | : | ઘૂંટણના સાંધાનો એક્સ-રે |

CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-173 | December 25, 2024

Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

# ગરદનના મણકાની ઈજા



**ડૉ. દેવેન ઝવેરી**

MS (Gen), MCh. (Neurosurgeon)
Consultant Neurosurgeon,
Super Specialist Brain & Spine Surgeon
+91 98242 80706
deven.zaveri@marengoasia.com

સામાન્ય સંજોગોમાં ગરદનના મણકાની ઈજા થવાના કારણો નીચે મુજબ છે

- ઉંચાઈ પરથી પડવું
- વાહન અકસ્માત
- માથા પર ભારે વજન પડવું
- ખેલકૂદ ના કારણો જેવાકે ફૂટબોલ, કુસ્તી, બેલ ફાઈટ, સ્કેટીંગ વગેરે... ગરદનમાં ૧ થી ૭ મણકા આવેલા હોય છે. તેમાં નં ૧ મણકાને એટલાસ તથા નં ૨ ના મણકાને એક્ષીસ નામથી ઓળખવામાં આવે છે, જ્યારે ૩ થી ૭ નંબરના મણકા સર્વેકલ વટ્રેબ્રા થી ઓળખવામાં આવે છે.



**ગરદનમાં થતી ઈજાના લક્ષણો નીચે મુજબ છે.**

- ગળાનો દુખાવો
- હાથ ની મૂવમેન્ટ માં અકડન
- હાથ પગમાં દુખાવો
- હાથ પગમાં નબળાઈ(લકવાની અસર)
- ઝાડા તથા પેશાબ માં તકલીફ

**ઈજા ની સારવાર**

- પ્રાથમિક સારવાર
- ગળામાં પટ્ટો તથા Cervical Collar, Spinal Board
- દુખાવાની દવા






- સોજો ઓછો કરવાની દવા


**નિદાન**

- X-Ray
- CT Scan
- MRI
- લોહીની તપાસ



**સારવાર :**

જો ગરદનની ઈજા પામેલ વ્યકિત ની તપાસમાં ભારે ઈજા ન આવે તો સામાન્ય સારવાર તથા ગળાના પટ્ટાની સારવાર આપી શકાય જો દુખાવો વધારે થાય તથા તપાસમાં મણકાનું ફેકચર તથા નસ દબાતી હોય તો ઓપરેશન કરીને નસનું દબાણ દૂર કરી શકાય તથા ઓપરેશન દ્વારા તૂટેલા મણકાને સારો કરી શકાય તથા જરૂર પડે મેટલ(સીડી)ના મણકા નાખી શકાય.જો પેશન્ટને હાથપગમાં લકવાની અસર તથા મણકામાં વધારે તકલીફ હોય તો ઓપરેશન જ એક ઉપાય છે, અને તે પણ બને તેટલું જલ્દીથી.ઓપરેશન પછીની સારવાર નું ખૂબ જ મહત્વ છે.જેમ કે..



- હાથ-પગની કસરત
- ફેફસાની કસરત
- પેશાબની નળીની સંભાળ

કેટલાક ગંભીર કેસમાં દર્દીના વેન્ટિલેટર પર રાખવાની જરૂર પડતી હોય છે.

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-173 | December 25, 2024

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# કાર્ડિયો-પલ્મોનરી રિહેબિલિટેશન - ફિઝિયોથેરાપિસ્ટ ની નજરે

હૃદય અને ફેફસાના સ્વાસ્થ્ય માટે રિહેબિલિટીશન એ એક મહત્વપૂર્ણ ભાગ છે. દર્દીને ફરી સ્વસ્થ કરવાની પ્રક્રિયામાં ફિઝિયોથેરાપીસની ભૂમિકા અનિવાર્ય બની ગઈ છે આલેખમાં આપણે ફિઝિયોપેના હિસ્સામાં કાર્ડિયો-પલ્મોનરી રિહેબિલિટેશન કેવી રીતે મદદરૂપ થાય છે એની ચર્ચા કરીશું.

**કાર્ડિયો-પલ્મોનરી રિહેબિલિટેશન શું છે ?**

કાર્ડિયો-પલ્મોનરી રિહેબિલિટેશન એ એક કોમ્પ્રિહેન્સીવ પ્રોગ્રામ છે જે શારીરિક કસરત શિક્ષણ અને લાઈફ સ્ટાઈલ મેનેજમેન્ટ દ્વારા હૃદય અને ફેફસાના ફંકશન સુધારવા માટે રચાયેલ છે આમાં મુખ્યત્વે બે વસ્તુઓ આવે છે :

1. એરોબિક એક્સરસાઇઝ- જેમકે વોકિંગ સાયકલ ચલાવી અને સ્વિમિંગ(વોટર એક્સરસાઇઝ) જે ઓક્સિજન લેવાની ક્ષમતા વધારે છે
2. એનેરોબિક એક્સરસાઇઝ- સ્ટ્રેન્થ ટ્રેનિંગ
3. બ્રિથિંગ એક્સરસાઇઝ- ફેફસાનું ફંક્શન સુધારવા માટે બ્રિથિંગ એક્સરસાઇઝ અને પ્રાણાયામ

**ફિઝિયોથેરાપિસ્ટની ભૂમિકા**

ઇવેલ્યુએશન : પહેલા ફિઝિયોથેરાપિસ્ટદર્દીની પ્રેઝન્ટ કન્ડિશન નું મૂલ્યાંકન કરે છે તે એમનું VO2 મેક્સ, હાર્ટ રેટ, બ્લડપ્રેશર અને ઓક્સિજન ચેક કરે છે.

ટેલર મેડ પ્રોગ્રામ: દરેક દર્દી માટે અલગ રિએબિલિટેશન પ્લાન બનાવાય છે જે તેમના ફિઝિકલ સ્ટેટસ પર આધારિત હોય છે આમાં વ્યાયામનું સ્વરૂપ તીવ્રતા (intensity) અને આવર્તન (frequency) નક્કી કરવામાં આપે છે

મોનિટરિંગ: ફિઝિયોથેરાપિસ્ટ દર્દીની કસરત દરમિયાન હાર્ટ રેટ, બ્લડપ્રેશરને ચકાસે છે, જેથી over-exertion ટાળી શકાય.

**ફાયદા**

1. બેટર ફિઝિકલ ફિટનેસ: કાર્ડીઓ રેસીપિરેટરી કેપેસિટી વધે છે , જેથી વધારે exertion સહન કરી શકાય.
2. Improved Quality of Life: ઇમ્પ્રુવ ક્વોલિટી ઓફ લાઇફ: કોમરબિટીડીસ જેમ કે ડાયાબિટીસ, હાઇપર ટેન્શન વગેરેમાં સુધારો થાય છે.
3. સાયકોલોજીકલ બેનિફિટ્સ : એન્ઝાઈટી અને ડિપ્રેશનને ઘટાડવામાં મદદરૂપ છે.

**નિષ્કર્ષ**

Cardiopulmonary Rehabilitation એ કોઈ option નથી, પણ જીવનશૈલી સુધારવા માટે એક અવશ્યક ભાગ છે. Physiotherapistની યોગ્ય માર્ગદર્શન હેઠળ દર્દીઓ ફરીથી સક્રિય (active) અને સ્વસ્થ જીવન તરફ આગળ વધી શકે છે.



CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-173 | December 25, 2024

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ



JOINT COMMISSION INTERNATIONAL QUALITY APPROVAL

જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત

અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઇટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોક્સ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફકો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઇ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઇલ ઇન્ડિયા લિમિટેડ
- ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)- માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*


JCI (USA) NABL ACC

CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-173 | December 25, 2024

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# મૈરિંગો સિમ્સ મલ્ટિ-સ્પેશ્યાલીટી નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ ધવલ નાયક**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

- પેટના રોગોના નિષ્ણાંત - **ડૉ. નિલેશ ટોકે (દર ગુરુવારે)**
- ડાયાબિટીસ અને મેદસ્વિતાના નિષ્ણાંત - **ડૉ રિકિન શાહ (પહેલા અને ત્રીજા ગુરુવારે)**
- હિમેટો ઓન્કોલોજીસ્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન - **ડૉ કૌમિલ પટેલ (બીજા અને ચોથા ગુરુવારે)**
- કેન્સરના નિષ્ણાંત (રેડિયેશન ઓન્કોલોજીસ્ટ) - **ડૉ. મલ્હાર પટેલ, ડૉ. મૌલિક ભેંસદડિયા (બીજા અને ચોથા ગુરુવારે)**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ (બીજા શનિવારે)**
- એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન - **ડૉ વિકાસ પટેલ (ત્રીજા શનિવારે)**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ અને મૂત્રમાર્ગના નિષ્ણાંત - **ડો. મયુર પાટિલ (ત્રીજા શનિવારે)**
- મગજના રોગોના નિષ્ણાંત - **ડો. કેવલ ચાંગડિયા (ચોથા બુધવારે)**
- કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન - **ડૉ અમિત ચંદન (ચોથા શનિવારે)**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર.સી. શાહ**

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી**
**સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી**

**મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

**સી જે હોસ્પિટલ - સુરેન્દ્રનગર**
**સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ નિકુંજ વ્યાસ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**
**82380 95712**

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સમગ્ર ભારત માં અગ્રેસર


**6** લંગ ટ્રાન્સપ્લાન્ટ (ફેફસા)



**65** લીવર ટ્રાન્સપ્લાન્ટ




**240+** બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ



**55** હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદય)



**125** કિડની ટ્રાન્સપ્લાન્ટ



**Volume-15 | Issue-173 | December 25, 2024**


Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE


**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025**


**If Undelivered Please Return to**


**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મેરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેસ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.









**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિઃશુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેસ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at Shakti Offset, A-62, Pushraj Industrial Estate, Nutan Mill Road, Behind - Adani CNG Station, Saraspur, Ahmedabad - 380 018
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.